અનુસુચિત જનજાતિના વિદ્યાર્થીઓને
ધોરણ-૧ના પ્રવેશ સમયે જાતિ
પ્રમાણપત્ર આપવા અંગે.

ગુજરાત સરકાર
આદિજાતિ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક:અજપ/૧૦૧૬/૩૫૬/ચ
સચિવાલય,ગાંધીનગર.
તા.૨૮/૦૬/૨૦૧૬.

**વંચાણે લીધો :-**

આદિજાતિ વિકાસ વિભાગના તા.૯/૪/૧૩ના ઠરાવ ક્રમાંક:અજપ/૧૦૧૩/૧૦૦/ચ

**આમુખ :**

ભારતના બંધારણની કલમ-૩૪૨ હેઠળ ગુજરાત રાજ્ય માટે પ્રસિધ્ધ કરવામાં આવેલી અનુસુચિત જન જાતિની યાદીમાં સમાવિષ્ટ લોકોને અનુસુચિત જન જાતિના પ્રમાણપત્ર આપવામાં આવે છે. આમુખમાં જણાવેલ ઠરાવથી અનુસુચિત જનજાતિના વિદ્યાર્થીઓને જાતિ પ્રમાણપત્ર આપવા અંગે સૂચનાઓ બહાર પાડવામાં આવી છે.સરકારશ્રીના સ્વાગત ઓન લાઇન કાર્યક્રમમાં અનુસુચિત જન જાતિના વિદ્યાર્થીઓને શાળામાં ધોરણ-૧ ના પ્રવેશ સમયે જરુરી આધાર પુરાવા અને ખરાઇ કર્યા બાદ જાતિ પ્રમાણપત્ર આપવામાં આવે કે જેથી ભવિષ્યમાં જાતિ પ્રમાણપત્ર મેળવવામાં કોઇ મુશ્કેલીઓ ન પડે તે પ્રકારનું જિલ્લા કલેકટરશ્રીઓનું સૂચન હતું. આ બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :**

આમુખમાં જણાવેલ બાબત ધ્યાને લઈને પુખ્ત વિચારણાના અંતે આથી ધોરણ-૧માં પ્રવેશ સમયે જાતિ પ્રમાણપત્ર આપવા નીચેની શરતોને આધિન મંજુરી આપવામાં આવે છે.

(૧) શાળાના આચાર્યશ્રીએ તેમની શાળામાં અભ્યાસ કરતા ધોરણ-૧ના પ્રવેશ સમયે અનુસુચિત જન જાતિના વિદ્યાર્થીઓના વાલીઓ પાસેથી જરુરી આધાર-પુરાવા દિન-૧૫ માં મેળવી જાતિ પ્રમાણપત્ર મેળવવા નિયત નમૂનામાં ફોર્મમાં સંબધિત તકેદારી અધિકારી (આ.વિ.) સમાજકલ્યાણ અધિકારી/મહેસુલ અધિકારી/તાલુકા વિકાસ અધિકારીઓની કચેરીઓને અરજીઓ મોકલવાની રહેશે.

(૨) ગ્રામ્યકક્ષાએ સંબંધિત તાલુકા મામલતદાર તેમજ સંબંધિત તાલુકા વિકાસ અધિકારી જ્યારે જિલ્લા કક્ષાએ મદદનીશ કમિશ્નરશ્રી આદિજાતિ વિકાસની કચેરીએ અનુસુચિત જન જાતિના ગુજરાતી અને અંગ્રેજી બંને ભાષામાં લેમીનેટેડ પ્રમાણપત્ર તૈયાર કરવાના અને વિદ્યાર્થીઓને/વાલીઓને આપવાના રહેશે.

(૩) આ પ્રમાણપત્રો આપવા અંગેની અન્ય શરતો તા.૯/૪/૨૦૧૩ ના ઠરાવની શરતો મુજબ રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખાક્રમાંકની ફાઇલ ઉપર સરકારશ્રીની તારીખ ૨૭/૦૬/૨૦૧૬ની નોંધથી મળેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(વિદ્યુત પંડ્યા), ૨૮/૬/૨૦૧૬
સરકારના નાયબ સચિવ,
આદિજાતિ વિકાસ વિભાગ.

પ્રતિ,

- નામદાર રાજ્યપાલશ્રીના સચિવશ્રી,રાજભવન,ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(આ.વિ.વિ)ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(આ.વિ.વિ)ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(સા.ન્યાય અને અધિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(પંચાયત)ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(મહેસૂલ)ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- સચિવશ્રી (આ.વિ.વિ)ના અંગત સચિવશ્રી , સચિવાલય,ગાંધીનગર.
- સચિવશ્રી ગુજરાત વિધાનસભા, સચિવાલય,ગાંધીનગર.
- સચિવશ્રી ગુજરાત જાહેર સેવા આયોગ,અમદાવાદ.
- સચિવશ્રી ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- સચિવશ્રી ગુજરાત તકેદારી આયોગ,ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી,ગુજરાત હાઇકોર્ટ,અમદાવાદ.
- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યાય અને અધિ.)ના અંગતસચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ,ગુજરાત રાજ્ય,બિરસા મુંડા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગર.
- નિયામકશ્રી વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગર.
- નિયામકશ્રી, આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.
- સર્વે કલેક્ટરશ્રીઓ.
- સર્વે અધિક કલેક્ટરશ્રીઓ/ નાયબ કલેક્ટરશ્રીઓ/મદદનીશ કલેક્ટરશ્રીઓ.
- સર્વે પ્રાયોજના અધિકારીશ્રીઓ.
- સર્વે જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ.
- સર્વે જિલ્લા શિક્ષણ અધિકારીશ્રીઓ.
- સર્વે સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ(પંચાયત).
- સર્વે મદદનીશ કમિશ્નરશ્રીઓ/સર્વે તકેદારી અધિકારીશ્રીઓ(આદિજાતિ વિકાસ).
- સર્વે નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- સર્વે મામલતદારશ્રીઓ.
- સર્વે તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ.
- સિલેક્ટ ફાઇલ.
- સિસ્ટમ મેનેજરશ્રી આદિજાતિ વિકાસ વિભાગ વિભાગની વેબ સાઇટ પર મૂકવા માટે